**DATE: 06/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 16મી મેના રોજ બકરા ચોરીનો બનાવ બન્યો હતો

# ઉમરવાડા ગામમાંથી બકરા ચોરીમાં 2 આરોપી ઝડપાયા

### વોન્ટેડ આરોપીની શોધખોળ ચાલી રહી છે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર ના ઉમરવાડા માંથી 3 બકરા ચોરી માં પોલીસે 2 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. અન્ય એક ને વોન્ટેડ જાહેર કર્યા હતો. 16 મી મે ના રોજ ઉમરવાડા ગામ ખાતે થી થઈ હતી. ઉમરવાડા ના જ 2 ઈસમ અને સુરત ના અન્ય એક ઈસમ એ ચોરી ને અંજામ આપ્યો હતો. પોલીસે ચોરી થયેલા 3 બકરા પણ રિકવર કર્યા હતા.

અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ની સર્વેલન્સ સ્કોર્ડ ગત રોજ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર તાલુકા ના ઉમરવાડા ગામ ખાતે થયેલ 3 બકરા ની ચોરી માં ગામ માં જ રહેતા બે ઈસમો ની સંડોવણી છે. જે આધારે પોલીસે ઉકાઈ નહેર પાસે સલીમ ભાઈ ના બગલી માં રહેતા મૂળ રાજસ્થાન ના હબીબખાં હકીમખાં સમ્મા ને ઝડપી પાડ્યો હતો તેની પૂછપરછ માં સુરત ખાતે રહેતા મુસા ઉર્ફે સમદ ગુજ્જર નું નામ બહાર આવતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી જ્યારે અન્ય ઉમરવાડા ના જ અલીખાન હકીમખાં સમ્મા ની પણ સંડોવણી હોવાની સામે આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ ઉપરાંત પોલીસે તેમની પાસે થી ચોરી થયેલા 3 બકરા પણ રિકવર કર્યા હતા. અને વોન્ટેડ આરોપીએ ઝડપી પાડવાની કવાયત આરંભી હતી.

**DATE: 06/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વરથી ભરૂચ તરફ ઈકો કારમાં આવતાં હતાં

# ભરૂચના બે ડ્રગ્સ પેડલર ચરસ-દારૂ સાથે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ ના બે ડ્રગ્સ પેડલર નેચરસ તથા મોંઘીદાટ દારૂની બોટલો સાથે ભરૂચ SOG એ દબોચ્યા લીધા હતા.ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા સલમાન અને સોહેલ ને પોતાના આર્થિક લાભ ખાતર ચરસ અને મોંઘીદાટ દારૂની બોટલો વેચતા ઝડપી પાડ્યા છે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ ભરૂચ થી સુરત વચ્ચે 4 ચેક પોસ્ટ કાર્યરત કરી દીધી હતી. જેથી કરી આર્થિક, સામાજિક અને નશાકીય ગુનાખોરી પર અંકુશ લગાવી શકાય. દરમિયાન શનિવારે સાંજે અંકલેશ્વર તરફથી ઈકો ગાડી લઈ ડ્રાઈવર સલમાન અને તેનો મિત્ર સોહેલ આવી રહ્યા હતા. જેઓને ભરૂચ એસ.સો.જી. એ નર્મદા મૈયા બ્રિજ અંકલેશ્વર તરફના છેડે અટકાવ્યા હતા. સોહેલના ખિસ્સામાંથી 37 ગ્રામ ચરસ કિંમત રૂપિયા 5050 તેમજ ઈકો ગાડીમાંથી બ્લેક ડોગ, વેટ 69, બ્લેક એન્ડ વ્હાઈટ, બેલેન્ટાઈન, ગ્લેની બ્લેન્ડેડ સ્કોચ અને બિયરનું એક ટીન મળી રૂપિયા 13480 ની 6 બોટલો મળી આવી હતી. SOG એ ચરસ, દારૂ-બિયર, 2 મોબાઈલ અને ઈકો ગાડી જપ્ત કરી કુલ રૂપિયા 2.18 લાખના મુદ્દામાલ સાથે ભરૂચની હુસેનિયા સોસાયટીમાં રહેતા સોહેલ હસનઅલી પટેલ અને વસીલા સોસાયટીમાં હલીમા પાર્કમાં રહેતા સલમાન લીયાકત ખીલજીની ધરપકડ કરી છે. બન્ને આરોપી સામે નાર્કોટિક્સ તેમજ પ્રોહિબિશન એક્ટ હેઠળ અંકલેશ્વર શહેર પોલીસ મથકે બે ગુના નોંધી વધુ તપાસ એસ.ઓ.જી. ચલાવી રહી છે.

**DATE: 08/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચમાં મોબાઈલ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલાં હિલવ્યુ એપાર્ટમેન્ટની નીચે એક શખ્સ મોબઈાલ પર ઓનલાઈન ક્રિકેટ મેચનો સટ્ટો રમતો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ સી ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી બાતમી મુજબના ઓરેન્જ કલરનો શર્ટ અને બ્લુ પેન્ટ પહેરેલાં શખ્સની અટકાયત કરી તેની પુછપરછ કરતાં તેનું નામ સાવન ભરત મોદી રહે. મૈત્રી નગર, ભોલાવ હોવાનું માલુમ પડ્યું હતું તેના હાથમાનો મોબાઈલ પોલીસે જપ્ત કરી તપાસ કરતાં તેણે અફઘાનીસ્તાન તેમજ ઝીમ્બાબ્વે વચ્ચે ચાલી રહેલી મેચ પર સટ્ટો રમતો હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે તેને ઝડપી પાડી તેની પાસેથી રોકડા રૂપિયા તેમજ મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 08/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### જુગારિયા પાસેથી 32 હજારનો મુદ્દામાલ જપ્ત

# થામ ગામે ખેતરમાં જુગાર રમતાં 3 ઝડપાયાં, બે ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલા થામ-કંથારિયા ગામની સીમમાં આવેલાં એક ખેતરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હતી. દરમિયાનમાં એલસીબીની ટીમે દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કંથારિયા અને થામ ગામની સીમમાં આવેલાં એક ખુલ્લા ખેતરમાં કેટલાંક શખ્સોએ ઝાડ નીચે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે એલસીબીની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જોકે, પોલીસનો છાપો પડતાં જુગારિયાઓમાં દોડધામ થઈ ગઈ હતી. પોલીસે જુગારિયાઓ પૈકી ઈમરાન ઉર્ફે અન્નો ઈબ્રાહિમ પટેલ, આશીફ દાઉદ ખત્રી તેમજ હબીબ ઈસ્માઈલ પટેલને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે બે શખ્સો નાસી છુટ્યાં હતાં. ઝડપાયેલાં આરોપીઓની પુછપરછમાં ફરાર શખ્સોના નામ ઈશાક ખાનદેશી તેમજ સલીમ ઈસ્માઈલ પટેલ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે સ્થળ પરથી રોકડા રૂપિયા 22 હજાર તેમજ બે મોબાઈલ સહિત કુલ 32 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 09/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરના વધુ બે સ્પામાં ચાલતું સેક્સ રેકેટ ઝડપાયું, 2 સંચાલકની અટકાયત

**સિલ્વર** અને ગોલ્ડન સ્પાની આડમાં દેહવેપાર ચલાવાતો હતો, ગ્રાહક દીઠ રૂ. 2 હજાર લેવાતા હતા


સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચઃ કાપોદ્રા પાટિયા પાસે આવેલા આર.-21 કોમ્પ્લેક્સમાંથી સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ થયો હતો.

અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા પાસે આવેલ આર.-21 કોમ્પ્લેક્સમાં સિલ્વર અને કાપોદ્રા પાટિયા સ્થિત ગોલ્ડન સ્પાના આડમાં કૂટણખાનું ચાલતું હોવાની બાતમી જી.આઈ.ડી.સી. પોલીસને મળી હતી. PSI વી.એ.આહીરને મળતાં તેઓ વિભાગીય પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડમી ગ્રાહક અને પંચો તૈયાર કરી પી.એસ.આઈ. વી.એ.આહીર, બી.એ.રાઠવા સહિત 6 પોલીસ જવાનને રેડ માટે તૈયાર કર્યા હતા. ડમી ગ્રાહક સ્પા જતાં જ પોલીસ ઉપર મિસકોલ કરતાં પોલીસે રેડ કરી હતી.

પોલીસે કાઉન્ટર ઉપરથી સ્પાનો સંચાલક મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ અંકલેશ્વરની પ્લેટિનમ પ્લાઝાની સામે રહેતો રાજબ સલીમ શેખ સાથે 2 ઈસમ મળી આવ્યા હતા. સ્પાના રૂમોમાંથી કઢંગી હાલતમાં ડમી ગ્રાહક સાથે યુવતી મળી આવી હતી. તો અન્ય રૂમમાંથી 2 યુવતી કઢંગી હાલતમાં મળી આવી હતી. પોલીસે સ્પાના નામે દેહ વેપાર ચલાવતા સંચાલકની અટકાયત કરી હતી. કાઉન્ટર, અંગજડતીમાંથી રોકડા અને 1 મોબાઈલ મળી કુલ રૂ.22 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા સંચાલકની પૂછપરછ કરતાં તેને આ સ્પા કોસમડીની સ્ટાર રેસિડેન્સીમાં રહેતી અહાના તોસીફ ખત્રીનું હોવાનું જણાવ્યું હતું.

કાપોદ્રા પાટિયા પાસે ગોલ્ડન સ્પા ચલાવતી હોવાનું જણાવતાં પોલીસે ગોલ્ડન સ્પા ખાતે રેડ કરતાં સ્પાનું શટર બંધ કરતાં સંચાલક શનિ રામવિલાસ ચૌધરીને ઝડપી પાડ્યો હતો. જ્યારે બંને સ્પાના માલિકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 09/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# વડદલા ગામે બોગસ તબીબ ઝડપાયો

ભરૂચ: ભરૂચ એસઓજી પોલીસના PI વી.બી.કોઠિયા સહિતની ટીમ દહેજ પોલીસણી હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી. એ વખતે બોગસ તબીબની બાતમી મળી હતી. બોગસ તબીબ માટે સ્થળની વિગતો મળતાં ભરૂચ એસઓજી પોલીસે વાગરાના વડદલા ગામે રેડ પાડી હતી. જેમાં પ્રેસેન્જીત બિશ્વાસ ભાવેન બિશ્વાસ (હાલ રહે., વડદલા, પરમાર ફળિયું, તા.વાગરા, જિ.ભરૂચ, મૂળ રહે.,દિગંબરપુર, તા.ક્રિષ્ણગંજ, જિ.નદીયા, વેસ્ટ બંગાળ)ને ઝડપી પાડ્યો હતો. તે કોઈપણ જાતની મેડિકલ ડિગ્રી વિના મેડિકલ સાધનો, એલોપેથિક દવાઓ, ઈન્જેકશનનો ઉપયોગ કરતો હતો. પોલીસે એલોપેથિક દવાઓ, ઈન્જેકશન મળી કુલ રૂ.૮૯૯૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દહેજ પોલીસે બોગસ ડોક્ટર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 09/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના તાડફળિયામાં સટ્ટો રમતાં ત્રણ ખેલી ઝબ્બે

અંકલેશ્વર | અંકલેશ્વરના તાડ ફળીયા માં જુગાર રમતા 3 ખેલી ઝડપાયા ગયાં છે જયારે કુખ્યાત વિજય વસાવા અને ઈરફાન ઉર્ફે ચક્કર ફરાર થઇ જતાં તેમને ઝડપી પાડવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. અંકલેશ્વર શહેર પોલીસે તાડ ફળીયા વિસ્તારમાં ચાલતાં વરલી મટકા ના અડ્ડા પર દરોડા પાડયાં હતાં. જેમાં આંક ફરક નો જુગાર રમતા જેસીંગ પરમાર, કાશી રાવ પાટીલ અને મુકેશ વસાવા ઝડપાય ગયાં હતાં. જયારે અડ્ડો ચલાવતા કુખ્યાત વિજય વસાવા અને ઈરફાન ઉર્ફે ચક્કર ફરાર થઇ ગયા હતા પોલીસે બંને ને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 11/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કંપનીમાંથી 3.87 લાખ રૂપિયાના સરસામાનની ચોરી થઈ હતી

# દહેજની ત્રિમૂર્તિ કંપનીમાં ચોરી કરનારા પાંચ તસ્કરો સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

દહેજની ત્રિમૂર્તિ ફેબ્રીકેટર્સ કંપની 3.87 લાખ રૂપિયાના સરસામાનની ચોરીના ગુનામાં સંડોવાયેલાં પાંચ તસ્કરોને એલસીબીએ અંકલેશ્વરથી ઝડપી પાડ્યાં છે.

ભરૂચના દહેજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ત્રિમૂર્તિ ફેબ્રીકેટર્સ કંપનીમાં તારીખ 6 જૂનના રોજ રાત્રીના અરસામાં કંપનીના પરિસરમાંથી રૂપિયા 3.87 લાખ ઉપરાંતના સામાન ની ચોરી થઇ હતી. બનાવ સંદર્ભમાં દહેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. ચોરીની ઘટના બાદ જિલ્લાભરમાં પોલીસને એલર્ટ કરી દેવામાં આવી હતી. ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન દહેજની ચોરીમાં સંડોવાયેલાં બે





દહેજની ત્રિમુર્તિ કંપનીમાં ચોરી કરનારા 5 તસ્કરો ઝડપાયા હતા. • હર્ષદ મિસ્ત્રી

આરોપીઓ નોરીસ કંપની પાસેની નહેર પાસે ફરી રહયાં હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડી કોસમડીના આકાશ વસાવા અને મોહિત પાલને ઝડપી પાડયાં હતાં. તેમણે તેમના સાગરિતો ગોરીયા, દાદુ અને બીપલા સાથે મળી દહેજની કંપનીમાં ચોરીના ગુનાની કબુલાત કરી હતી. ચોરીનો મુદ્દામાલ અંકલેશ્વરના મોન્ટુ પાસવાને ખરીદી લીધો હતો. આ માલ તેણે ભંગારીયા દિનેશ જૈનને વેચી માર્યો હતો. ચોરીનો મુદ્દામાલ અંતમાં જાનવી મેટલ્સના સુરેશ જૈન સુધી પહોંચ્યો હતો. પોલીસે ચોરી કરવાના તથા ચોરીનો મુદ્દામાલ ખરીદવાના ગુનામાં આકાશ વસાવા, મોહિત પાલ, મોન્ટુ પાસવાન, દિનેશ જૈન અને સુરેશ જૈનની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલો સામાન તથા બોલેરો જીપ મળી કુલ 8.50 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**DATE: 11/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સારંગપુર ગામે 12 બોટલ દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સારંગપુર ની નવી નગરી ખાતે રહેતા મનસુખ ઉર્ફે મનો વસાવાને ઘરમાં ચોક્કસ માહિતી આધારે દરોડા પાડ્યા હતાં.જ્યાં ઘર ના વાડામાંથી 750 એમ.એમ.ની 12 નંગ કિંમત રૂ 4800 રૂપિયાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે મનસુખ વસાવા ધરપકડ કરી દારૂ નો જથ્થો ક્યાંથી અને કોની પાસે થી લાવ્યા તે અંગે વધુ પૂછપરછ આરંભી હતી. ઉલ્લેખનીય છે કે ભરૂચ પોલીસ બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી છે.

**DATE: 11/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### તમને લૂંટવા કોઈ પીછો કરે છે કહી મહિલાઓને ભોળવતાં હતાં

# મહિલાઓના ઘરેણાં ઉતારાવી ચીલઝડપ કરનાર બે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નવચોક હેથાણાં વિસ્તારમાં રહેતા વિલાસબેન રાજેશ યાદવ અને તેમના ઓળખીતા ભારતીબેન જાદવ નારાયણબાપુના આશ્રમથી બાઈક લઈ ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ભરૂચની આઈસીઆઈસી બેંક પાસેથી રાજ જ્વેલર્સની સામે રિક્ષા ચાલકે તેમને બાઈકનું પૈડું હલતું હોવાનું કહી રિક્ષામાં લિફ્ટ આપી હતી. જે રિક્ષામાં પહેલાથી બે મહિલા મુસાફર હાજર હતી. તે સમયે રિક્ષા ચાલકને રિક્ષામાં સવાર



અન્ય મહિલાઓએ શક્તિનાથ કરિયાણું લેવાનું હોવાનું કહી શક્તિનાથ લઈ જતાં એક બાઈક ચાલક બે વાર રિક્ષા પાસે આવતાં રિક્ષા ચાલકે મહિલાઓને આ લૂંટવાની ફિરાકમાં હોવાનું કહી તેમણે પહેરેલા સોનાના ઘરેણાં પાકીટમાં મુકાવી દીધા હતા.

શક્તિનાથ આવતા અંદર સવાર બેઉ મહિલા નીચે ઉતરી હતી અને પોતાનું પર્સ પડી ગયું હોવાનું કહી વિલાસબેન યાદવ અને ભારતીબેનના પાકીટમાં તપાસ કરવા લાગી હતી. તે દરમિયાન તે બંને મહિલાઓ નજર ચૂકવી સોનાના ઘરેણાં મળી કુલ 99 હજારની ચીલ ઝડપ કરી ફરાર થઈ ગઈ હતી. આ ચીલઝડપ અંગે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તેમજ ચીલઝડપ કરી ફરાર થઈ ગયેલા રિક્ષા ચાલક મોહંમદ અસ્પાક મોહંમદ અબ્બાસ શેખ અને શાહીનબેન યાસીન શેખને ઝડપી પાડ્યાં હતા.

**DATE: 12/06/2022 CATEGORY: GREEN E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં જુગાર રમતા ૯ ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી ગામ પાસે પ્લેટિનિયમ ઈન્ડસ્ટ્રિયલ પાર્કની ઓફિસમાં હાઈ પ્રોફાઈલ જુગારની મહેફિલ પર રૂરલ પોલીસે છાપો માર્યો હતો. અંકલેશ્વર ના જીતાલી ગામ પાસે આવેલા પ્લેટિનિયમ ઈન્ડસ્ટ્રિયલ પાર્કની ઓફિસમાં મોટા પાયે જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતી અંકલેશ્વર તાલુકા પોલીસમથકના પીઆઈ વી.કે.ભૂતિયાને મળતાં તેમણે સ્ટાફ સાથે રેડ કરી હતી. પોલીસે જુગાર રમતા સુરતના ભાવેશ ભીમાણી, કામરેજના જનક ધોલરિયા, સુરતના શૈલેષ ગોધાણી, વરાછાના મહેન્દ્ર માલવીયા, અમિત ગોંડલીયા, અંકલેશ્વરના સુરેશ ભરવાડ, સકરચંદ ઉર્ફે સાગર જૈન, નીતિન ક્યાડા તેમજ ભરત બાવીશીની ધરપકડ કરી હતી. તાલુકા પોલીસે અંગજડતી અને દાવ પરના રોકડા રૂ.૨.૩૫ લાખ અને રૂ.૧.૯૬ લાખ, રૂ.૯૬,૦૦૦ના ૯ નંગ મોબાઈલ તેમજ રૂ.૧૯ લાખની ૪ કાર મળી કુલ રૂ.૨૩.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 12/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચ પોલીસ અધિક્ષકની ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન સાથે બેઠક

ઝઘડિયા: ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલે ઝઘડિયા ઈન્ડસ્ટ્રિઅલ એસોસિએશન સાથે બેઠક ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલા યુપીએલ યુનિટ-૫માં યોજી હતી. અધિક્ષક ડો.લીના પાટીલે જણાવ્યું હતું કે, જીઆઈડીસી પોલીસ સ્ટેશનને જરૂર મુજબ મેન પાવર, વ્હીકલ તથા નાઈટ પેટ્રોલિંગ જેવી સેવાઓ રેગ્યુલર મળતી રહે તેવા પોલીસ વિભાગ દ્વારા પ્રયત્નો કરવામાં આવશે. ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણીએ એસપી ડો.લીના પાટીલે રૂબરૂ આવી મીટિંગ કરી અને જીઆઈડીસીમાં સુરક્ષા વધારવા અંગે ચર્ચા કરી પૂરતો સહકાર તથા સહયોગ આપવા બદલ ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન તરફથી આભાર વ્યક્ત કર્યો હતો તથા તેમની કામગીરીને બિરદાવી હતી. ઝઘડિયા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના તમામ સભ્યો અને જુદી-જુદી કંપનીઓના અધિકારીઓએ હાજર રહી મીટિંગને સફળ બનાવી હતી.

**DATE: 12/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગડખોલ પાટીયા પાસે પોલીસની કાર્યવાહી

# અંકલેશ્વરમાં શંકાસ્પદ ગૌમાંસ સાથે ચાર આરોપીઓ ઝડપાયાં

## માંસના સેમ્પલ તપાસ માટે FSL માં મોકલાયા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં બે અલગ અલગ સ્થળેથી શંકાસ્પદ ગૌમાંસ સાથે બે મહિલા સહીત ચાર આરોપીને પોલીસે ઝડપી પાડયાં છે. આરોપી પાસેથી મળેલા શંકાસ્પદ ગૌમાંસને તપાસ માટે એફએસએલમાં મોકલાયું છે. રીકશા તથા મોપેડ પર શંકાસ્પદ ગૌમાંસની હેરાફેરી કરવામાં આવી રહી હતી.

શંકાસ્પદ ગૌમાંસ ઝડપાવાના પ્રથમ બનાવ માં અંકલેશ્વર શહેર પોલીસે જુના નેશનલ હાઈવે પાર અક્ષર આઈકોન સામે થી જ્યુપીટર મોપેડ માંથી ત્રણ કિલો શંકાસ્પદ ગૌમાંસ નો જથ્થો ઝડપી પાડયો હતો.પોલીસે ભરૂચ ના મોહમ્મદ ઉમર અહેમદ કુરેશી અને હાંસોટ ની મેહઝબીન બાનું સરફરાઝ શેખની અટકાયત કરી હતી. તેમની પાસેથી ત્રણ કિલો શંકાસ્પદ ગૌમાંસ મળી રૂપિયા 36 હજાર નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અન્ય બનાવમાં ગડખોલ પાટીયા નજીકથી રીકશામાં શંકાસ્પદ ગૌમાંસ સાથે ભરૂચના રફી અબ્દુલ મલિક અને અંકલેશ્વરના મુલ્લાવાડ માં રહેતી આયેશા બીબી નિઝામુદ્દીન મુલ્લાને ઝડપી લેવાયાં છે. તેમની પાસેથી 32 હજાર રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. બંને કિસ્સામાં ઝડપાયેલાં શંકાસ્પદ ગૌમાંસને તપાસ માટે એફએસએલમાં મોકલી આપવામાં આવ્યું છે.